ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ધો -૧૦ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા સરકારના નિર્ણયથી હાશકારો

## કોરોના ઇફેક્ટ પરિણામના બદલે વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષાની વાટે : વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓમાં પણ ઉચાટ

ગાંધીનગર તા ૧૩

કોરોનાના આતંક વચ્ચે સમગ્ર દેશમાં તમામ ગતિવિધિઓમાં રોક લાગી ગઈ છે. કોરાનાનો કહેર હજુ ઓછો થયો નથી ત્યારે આમ નાગરિકો પણ તંગદીલી અનુભવી રહ્યા છે. ત્યારે બોર્ડ પરીક્ષાના આયોજનને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ મુંઝવણ પ્રવર્તી હતી આ દરમિયાન આજે મળેલી કોર કમિટીની બેઠક દરમિયાન ધો -૧૦ ના બોર્ડના વિદ્યાર્થીઓને આ વર્ષ પુરતુ માસ પ્રમોશન આપવાનો નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં હાંશકારો પ્રવર્તયો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં મળેલી આ કોર કમિટીની બેઠક દરમિયાન ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આગામી તા ૧૫ મેં ના રોજ કોરોનાની સ્થિતિનુ આંકલન કરી ૧૫ દિવસનો સમય મળે તે મુજબ પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે. જયારે છેલ્લા બે મહીનાથી અસમંજસમાં રહેલા વિદ્યાર્થીઓ

### ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાને અનુલક્ષી નવી તારીખ ક્યારે જાહેર થશે વિદ્યાર્થીઓ અને વાલીઓ મુંઝવણમાં : આગામી તા ૧૫ મેં ના રોજ કોરોના સંક્રમણની સ્થિતિનુ આંકલન કરી નિર્ણય લેવાશે

નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાશકારો અને વાલીઓમાં પણ પરીક્ષાના આયોજનને અનુલક્ષી



પ્રતિકાત્મક તસવીર

અનુભવ્યો છે. સામાન્ય રીતે આ દિવસોમાં બોર્ડ પરીક્ષાનુ પરીણામ જાહેર થતુ હોય છે ત્યારે કોરોના કાળમાં હજુ પરીક્ષાનુ આયોજન પણ થઈ શક્યુ નથી આવા સંજોગોમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની નવી તારીખ જાહેર થાય તેની વાટે છે. આ અંગે આગામી તા ૧૫ મેં ના રાજે નિર્ણય લેવાશે.

કોરોનાની બીજીલહેરના આતંક વચ્ચે એકબાજુ શાળા કોલેજો પણ બંધ છે. જયારે હાલ દોઢ મહીનાના અંતે પણ શહેરમાં લોકડાઉન જેવી સ્થિતિ છે. ત્યારે બોર્ડ પરીક્ષા અગાઉ મેં મહીનામાં લેવાની તૈયારી કરવામાં આવી હતી પરંતુ કોવિડના કહેરના લીધે બોર્ડ પરીક્ષાઓ સ્થગિત રાખવામાં આવી હતી. માર્ચ મહીનામાં લેવાતી બોર્ડ પરીક્ષાનુ આયોજન ત્રણ મહીનાના અંતે પણ થઈ શક્યુ ન હતુ જયારે વિદ્યાર્થીઓ અને વાલીઓ પરીક્ષાની નવી તારીખ જાહેર થાય તેની વાટે હતા ત્યારે આજે મુખ્યમંત્રીની કોર કમિટીની બેઠક દરમિયાન ધો -૧૦ ના વિદ્યાર્થીઓને આ વર્ષ પુરતુ માસ પ્રમોશન આપવાનો મુંઝારો થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ હાલ કોરોનાના કહેર વચ્ચે પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ છે. પરંતુ પરીક્ષાની તારીખ પણ હજુ સુધી નિયત નથી ત્યારે પરીક્ષા લેવાશે કે કેમ તે અંગે પણ રોજબરોજ અનેક અટકળો સાથે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં મુંઝવણ પ્રવર્તી છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં હજારો વિદ્યાર્થીઓ હાજરી આપે છે.

જયારે દર વર્ષે આ સમયગાળા દરમિયાન પરીક્ષાના પરિણામની તારીખો જાહેર થતી હોય છે. પરંતુ આ વર્ષે કોરાનાની મહામારીના લીધે પરીક્ષાઓ યોજવાનુ શકય બન્યુ નથી ત્યારે હાલ પરીક્ષાની તારીખો જાહેર થાય તેની રાહ જોવાઈ રહી હતી બીજીતરફ આજે સરકારે ધો -૧૦ ના વિદ્યાર્થીઓને આ વર્ષ પુરતુ માસ પ્રમોશન આપવાનો નિર્ણય લીધો છે. જેના લીધે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ હાંશકારો પ્રવર્તયો છે. બીજીતરફ ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાને અનુલક્ષીને વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ નિર્ણયની પ્રતિક્ષામાં છે.

# જિલ્લામાં નવા ૨૨૪ કેસ નોંધાયા

## ગાંધીનગર ૩૧, કલોલ ૩૧, માણસા ૨૫ અને દહેગામમાં ૩૩ કેસ નોંધાયા : વાવોલમાં ૧૪, કુડાસણમાં ૧૩, સરગાસણમાં ૧૦, સે. ૩ માં ૮, સે. ૬ માં ૬, સુઘડ-રાંદેસણમાં ૫-૫, સે. ૧૩, કોલવડા, રાયસણમાં ૪-૪ કેસ નોંધાયા : સારવાર દરમ્યાન ગ્રામ્યના ૨ અને શહેરના ૧ દર્દીનું મોત : મહિલા સંક્રમિતોની વધતી સંખ્યાથી તંત્ર ચિંતામાં

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને શહેરમાં કોરોનાના કેસમાં ઘટાડાનો સિલસિલો ચાલુ રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ હવે કેસોના ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થતાં તંત્રએ રાહત અનુભવી છે.

જિલ્લામાં આજે પણ કોરોનાથી સંક્રમિથ થનાર દર્દીઓ કરતાં કોરોનામુક્ત થનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે. જિલ્લામાં આજે નવા ૨૨૪ કેસ નોંધાયા છે જ્યારે ૩૦૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ૩ દર્દીઓના આજે સારવાર દરમ્યાન મોત થયા છે.

ઓછી છે, ૧૦ વિદ્યાર્થી અને પાંચ કર્મયોગી ઉપરાંત નાના વેપારીઓ, ખાનગી નોકરીયાતોનો સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૮ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં તેમનો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અંતરિયાળ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓ પણ વધુ સંક્રમિત થઈ રહી હોવાથી પણ ચિંતામાં

૬ કેસ, સરઢવમાંથી ૩ કેસ, વાસણમાંથી ૩ કેસ, ઉનાવામાંથી ૨ કેસ મળી આવ્યા છે. આ ઉપારંત ડભોડા, દોલારાણા વાસણા, ભોંયણ રાઠોડ, ટીંટોડા, ફિરોજપુર, મોટા ચિલોડા, સોનીપુર, મગોડી અને વિરાતલાવડી ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ છે. કલોલ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાંથી જે ઝડપથી કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

કલોલ તાલુકામાં આજે વધુ

તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭૯૦૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૯૩૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૦૬૫ લોકોને હોમ

ઓછી આયુ ધરાવતા ૩ બાળકો સંક્રિમત થયેલા મળ્યા છે. જેમાં કોલવડામાંથી એક ૩ વર્ષ, કુડાસણમાંથી ૬ વર્ષ અને વાવોલમાંથી ૮ વર્ષની આયુ ધરાવતા બાળકો મળ્યા છે જ્યારે ૧૫ થી વધુ પણ ૨૦ થી ઓછી આયુ ધરાવતુ એક દર્દી મળી આવેલ છે.

શહેરના સેક્ટરોમાં સે. ૩,

### આજથી ત્રણ દિવસ માટે શહેરમાં ૪૫થી ઉપરના લોકો માટે વેક્સિનેશન બંધ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વેક્સિનેશન અંગે મહત્વની જાહેરાત કરવામાં આવી છે. મનપાના જણાવ્યા મુજબ ૪૫ થી ઉપરની આયુ ધરાવતા લોકો માટે રસીકરણ કેન્દ્રો શુક્રવાર, શનિવાર અને રવિવારે બંધ રહેશે. મનપા દ્વારા અમલમાં મુકાયેલ ડ્રાઈવ થ્રુ વેક્સિનેશન પણ બંધ રહેશે. જ્યારે ૧૮ થી ૪૫ વર્ષની આયુ ધરાવતા લોકો માટે શહેરમાં નિયત થયેલા દસે કેન્દ્રો પર રસીકરણની કામગીરી ચાલુ રહેશે.

### વધુ ૩૦૬ દર્દી કોરોના મુક્ત થતાં ડિસ્ચાર્જ અપાયું

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ નવા ૧૨૦ કેસ મળી આવ્યા છે. જ્યારે ૧૭૬ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૧૦૪ નવા કેસ નોંધાયા છે જ્યારે ૧૩૦ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જિલ્લામાં રિકવરી રેટ સુધરી રહ્યો હોવાથી તંત્રએ હાશકારો અનુભવ્યો છે.

જિલ્લામાં સારવાર દરમ્યાન ૩ દર્દીના મોત થયા છે જેમાં ગ્રામ્ય વિસ્તારના બે દર્દી અને ગાંધીનગર શહેરના એક દર્દીનું મોત થયાનું રાજ્ય સરકારે તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં સરકારના આંકડા અને જિલ્લાતંત્રના આંકડામાં તફાવત છેલ્લા બે દિવસથી આવી રહ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૨૦ કેસમાં દહેગામમાં ૩૩, ગાંધીનગરમાં ૩૧, કલોલમાં ૩૧ અને માણસામાં ૨૫ કેસનો સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસમાં ૫૪ જેટલી મહિલા દર્દી, ૧૮ ખેડૂત, ૮ બાળકો જેમની આયુ ૨૦ વર્ષથી

વધારો થયો છે.

દહેગામ તાલુકામાં આજે ૩૩ કેસ નોંધાયા છે. દહેગામ તાલુકાના અંતરિયાળ અને નાના ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રએ સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટેની સૂચનાઓ આપી છે.

દહેગામ અર્બનમાંથી ૬ કેસ મળી આવ્યા હોવા ઉપરાંત પાલુન્દ્રામાંથી ૩, બહિયલ, હિલોલ, ઝાલાના મુવાડા, બારિઆ, દેવકરણના મુવાડા, વાસણા સોગઠીમાંથી ૨-૨ કેસ તેમજ ધમીજ, કનીપુર, શિયાવાડા, કેશરાજીના મુવાડા, જિંડવા, કડજોદરા, ભુતેશ્વરી, ચિસકારી, ઉડાન અને રખિયાલથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આજે વધુ ૩૧ કેસ મળ્યા છે. તાલુકામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે.

તાલુકાના રૂપાલ ગામેથી આજે વધુ ૮ કેસ, અડાલજમાંથી

૩૧ કેસ નોંધાયા છે. કલોલ અર્બનમાંથી આજે ૧૫ કેસ મળી આવ્યા છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૮ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૭ કેસ મળી આવ્યા છે. શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં બોરીસણામાં ૫ કેસ, ધાનજ-છત્રાલમાંથી ૨-૨ કેસ તેમજ જાસપુર, કરોલી, પાનસર, દંતાલી, નાસ્મેદ, ધમાસણા, સઈજ ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે વધુ ૨૫ કેસ મળી આવ્યા છે. માણસા અર્બનમાંથી ૩ કેસ તેમજ પુંધરા, સોજા અને ગ્રામભારતીમાંથી પણ ૩-૩ કેસ, આજોલ, લોદરા, અમરાપુર, વરસોડામાંથી ૨-૨ કેસ ઉપરાંત ઈટાદરા, રામપુરા, ચડાસણા, દેલવાડા અને વેડા ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સુધરી રહ્યો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૭૬ દર્દીઓ રિકવર થતાં

ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળના દર્દીઓનું અસરકારક મોનીટરીંગ કરવાની સાથે સાથે માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અંગે કડક તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટતાં કેસોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. શહેરમાં આજે વધુ ૧૦૪ કેસો મળી આવ્યા છે.

શહેરમાં આજે સેક્ટરોમાંથી ૩૯ કેસ અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી ૬૫ કેસ મળી આવ્યા છે. સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે.

શહેરમાં કેસોની સંખ્યા ઘટી હોવાથી તંત્રએ રાહતનો શ્વાસ જરૂર લીધો છે પણ બાળકો, મહિલાઓ અને મોટીવયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

શહેરમાં આજે ૧૦ વર્ષથી

માંથી ૮, સે. ૬ માંથી ૬, સે. ૧૩ માંથી ૪, સે. ૧૬ માંથી ૩, સે. ૨૩ અને સે. ૨૭ માંથી ૨-૨ તેમજ સે. ૧, ૨, ૭, ૮, ૧૧, ૧૨, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૩૦ અને ૩-એ-ન્યુ માંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ વાવોલમાંથી ૧૪, કુડાસણમાંથી ૧૩, સરગાસણમાંથી ૧૦, રાંદેસણ, સુઘડમાંથી ૫-૫, જીઈબી, પેથાપુરમાંથી ૩-૩, કોલવડા, રાયસણમાંથી ૪-૪, બોરીજમાંથી ૨ તેમજ રાંધેજા અને પાલજમાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૨૦ દર્દી ૬૦ થી વધુ વય ધરાવતા સંક્રમિતોની યાદીમાં છે. તો ૫૦ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.


જિલ્લામાં છેલ્લા થોડાક દિવસોથી રોજની ૧૦૦ થી વધુ મહિલાઓ સંક્રમિત થઈ રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સારવાર દરમ્યાન એક દર્દીનું મોત થયુ છે.

# ગાંધીનગરના પાટીદાર અગ્રણી જે.સી.પટેલનું દુઃખદ અવસાન

ગાંધીનગર તા. ૧૩

ગાંધીનગરના પાટીદાર અગ્રણી અને યોગગુરુ-મોટીવેટર તરીકે જાણીતા વી.કેર



ફાઉન્ડેશનના પ્રણેતા જેઠાલાલ છગનદાસ પટેલ ઉર્ફે જે. સી. પટેલનું આજે દુઃખદ અવસાન થવા પામ્યું છે. તેઓ પોતાના વતન ભાન્ડુ ખાતે હતા ત્યારે તેમની તબિયત લથડતા તેમને ઉંઝા ખાતે સારવાર માટે લઈ જતી વળતે રસ્તામાં તેમનુ ઓક્સિજન લેવલ ઘટી જતાં તેમનું અવસાન થયું હતું.

જે.સી.પટેલે મુંબઈ ખાતે એક ખાનગી કંપનીમાં સેવકની નોકરીથી શરૂઆત કરીને લાંબા સંઘર્ષ સાથે તેમણે ઈલેક્ટ્રિકલ સ્ટ્રેટર રોટરનો પોતાનો ઉદ્યોગ શરૂ કર્યો હતો. આ ઉદ્યોગને વધુ વિકસાવવા તેઓ તેને મુંબઈથી નરોડા જીઆઈડીમાં શીફ્ટ કરીને ગાંધીનગર સ્થાયી થયા હતા.

નિવૃત્તિ બાદ તેમણે ભગવદ્ ગીતાને પિતાનો જીવનમંત્ર બનાવીને યોગ-પ્રાણાયમ શરૂ કર્યા હતા તેમજ તેઓએ શાળા, કોલેજો અને ખાનગી કંપનીઓમાં મોટીવેટર તરીકે સેવા આપવાનું શરૂ કરીને નાગરિકોનને જીવનમાં સકારાત્મકતાને અપનાવી આત્મવિશ્વાસુ બનવા પ્રેરિત કરતા રહયાં હતા. જે.સી.પટેલે આ ઉપરાંત પોતાના મિત્રો સાથે મળીને વી. કેર ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી જે અંતર્ગત અનેક સેવાકીય પ્રવૃતિઓ સાથે નાગરિકોને યોગ-પ્રાણાયામની તાલીમ આપવાનું કાર્ય કરતા હતા જેના કારણે તેઓ યોગગુરુ તરીકે જાણીતા બન્યા હતા. આ ઉપરાંત ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંકના ચેરમેન પદે પણ સેવાઓ આપી હતી. અર્બન બેંકના સ્થાપના કાળથી તેઓનું નોંધપાત્ર પ્રદાન રહ્યું હતું.

આ સાથે તેઓ ગાંધીનગરના સે.૧૨માં ઉમિયા મંદિરે પાટીદાર સમાજની પવૃતિઓમાં પણ અગ્રેસર રહેતા હતા. જે.સી.પટેલના આકસ્મિક નિધનથી ગાંધીનગરે બાળકોથી માંડીને યુવાનો અને વડીલોમાં પણ જેસી દાદા તરીકે લોકપ્રિય એવું એક ખૂબ જ જોશિલું વ્યક્તિત્વ ગુમાવ્યું છે.

# ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટનુ કામ છેલ્લા બે મહિનાથી ઠપ્પ

ગાંધીનગર તા ૧૩

ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટનુ કામ છેલ્લા બે મહીનાથી બંધ છે. કોરોનાના કહેર વચ્ચે મોટાભાગના માર્ગ સુધારણાના કામો બંધ થઈ ગયા છે. જયારે હોળી ધુળેટીના પર્વ બાદ મજુરોની પણ વતન વાપસી થઈ નથી ત્યારે બધા પ્રોજેકટ ઠપ્પ થઈ ગયા છે. ચિલોડા સરખેજ રૂટમાં આવતા સરગાસણ અને ઘ-૦ ઓવરબ્રિજનુ બાકી કામ પુર્ણ કરી મેં ના અંત સુધીમાં લોકાર્પણ કરવા માટે પણ આયોજન કરાયુ હતુ પરંતુ બ્રિજ નિર્માણની આખરી તબક્કાની કામગીરી બાકી હોવાથી હવે આમ નાગરિકો માટે આ બન્ને બ્રિજ ખુલ્લા મુકવામાં વિલંબ થશે.

ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટનુ કામ છેલ્લા બે મહીનાથી બંધ છે. ચિલોડા સરખેજ માર્ગ પર અંદાજિત ૭ થી વધુ ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે રૂટમાં આવતા કેનાલના બ્રિજને પણ પહોળો કરવા માટે આયોજન કરાયુ છે. અગાઉ ઉવારસદ બ્રિજ તૈયાર થઈ જતા હાલ આ બ્રિજ પર વાહનોની અવરજવર જોવા મળી રહી છે. લાંબા સમયથી ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટની કામગીરી ચાલી રહી છે. ત્યારે વર્ષ દરમિયાન પ્રારંભિક તબક્કે કોરોનાના લીધે મોટા લોકડાઉનની અસર વચ્ચે આ કાર્યયોજના ઠપ્પ થઈ ગઈ હતી જયારે છેલ્લા બે મહીનાથી કોરોનાની બીજીલહેરે આતંક મચાવતા જરૂરી ચીજવસ્તુઓના વેચાણ સિવાય અન્ય દુકાનો તેમજ કામ ધંધા પણ બંધ છે આવા સંજોગોમાં સરકારી કાર્યયોજનાઓ પણ ઠપ્પ થઈ ગઈ છે. હોળી ધુળેટીના પર્વ બાદ મજુરો વતનમાં ગયા બાદ કોરોનાનો કહેર વધતા વતન વાપસી થયા નથી ત્યારે વિવિધ વિકાસ કામોનુ કામ હાથ ધરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. શહેરમાં પણ વિવિધ માર્ગ સુધારણાની કામગીરી પણ બંધ છે. જયારે ચિલોડા સરખેજ માર્ગ પર નવ નિર્મિત ઓવરબ્રિજનુ આખરી તબકકાનુ કામ પણ અટવાયુ છે. કોરોનાની બીજીલહેર પુર્વે ઘ -૦ અને સરગાસણ ઓવરબ્રિજનુ કામ પુર્ણ કરી ટુંકમાં લોકાર્પણ કરવાની પણ તૈયારીઓ કરવામાં આવી રહી હતી પરંતુ કોવિડના લીધે કામ બંધ થઈ જતા હાલ પણ આ બન્ને ઠેકાણે બ્રિજનુ આખરી તબક્કાનુ કામ બાકી છે. ઓવરબ્રિજના નિર્માણની કામગીરી નિયત સમયમાં પુર્ણ થઈ શકી નથી જેથી આગામી દિવસોમાં મજુરોની વાપસીના અંતે ટુંકમાં કામ શરૂ કરવામાં આવશે તેમ પણ સુત્રો જણાંવી રહ્યા છે. મેં ના અંત સુધીમાં બ્રિજના લોકાર્પણ માટે તંત્રએ તૈયારી પણ દર્શાવી હતી પરંતુ હાલના તબક્કે કામગીરી જ બાકી હોવાથી અધુરુ કામ શરૂ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.

# ગાંધીનગર મનપાના વહીવટદારને પુર્ણ સત્તા આપવા મહામંડળની રજુઆત

## બિનરાજકીય ધોરણે સલાહકાર સમિતિની રચના કરવા પણ રજુઆત

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર કોર્પોરેશનમાં વહીવટદારને પુર્ણ સત્તા આપવા માટે શહેર વસાહત મહામંડળે શહેરી વિકાસ વિભાગ સમક્ષ રજુઆત કરી છે. જેમાં મહાનગરપાલિકાનુ વર્ષ ૨૦૨૧-૨૨ નુ બજેટ પણ મંજુરી થયુ નથી ત્યારે તેની પ્રક્રીયા સામે પણ સવાલ ઉભો થયો હોવાનુ રજુઆતમાં જણાંવાયુ છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે રજુઆતમાં જણાંવ્યા અનુસાર મહાનગરપાલિકામાં વહીવટદારની નિમણુંક બાદ નિતી વિષયક નિર્ણય ન લેવા સુચવાયુ છે. ત્યારે બજેટ પણ મંજુર થયુ નથી કે કોણ કરશે તે પ્રશ્ન પણ ઉપસ્થિત થયો છે. આ ઉપરાંત કઈ બાબતો નિતી વિષયક ગણવી તે પણ કોણ નક્કી કરશે. મિલ્કતવેરામાં રાહત આપવા માટે પણ પુર્વ મેયરે સુચવ્યુ હતુ ૧૦ ટકા રાહતનો સમયગાળો લંબાવવા માટે પણ સુચવાયુ હતુ જયારે આ બાબતને નિતી વિષયક ગણવી કે વહીવટી હુકમ ગણવો તે અંગે પણ ઝડપથી સ્પષ્ટતા થાય તે અનિવાર્ય છે. વિકાસ કામોને મંજુરી કોણ આપશે આ ઉપરાંત કેપિટલ સ્ટેશનમાં બંધ ટ્રેઈન શરૂ કરવા ઉપરાંત કચરો એકત્રિત કરવાની જગ્યા નક્કી થઈ નથી તે અંગે પણ નિર્ણય ક્યારે કરાશે તેવા સંખ્યાબંધ પ્રશ્નો સામે છે. આવા સંજોગોમાં નિતી વિષયક પ્રશ્ન કોને ગણવો તેમજ નાણાંકીય જવાબદારી કે રાહત આપવાની બાબત પણ નક્કી કરવાની પ્રક્રીયા પણ અટવાશે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ વહીવટદારને પુર્ણ સત્તા આપવી અનિવાર્ય છે. આ ઉપરાંત બિનરાજકીય ધોરણે પણ સલાહકાર સમિતિની રચના કરી આમ નાગરિકોના પ્રશ્નોને વાચા મળે તેવી વ્યવસ્થા પણ ત્વરિત કરવી અનિવાર્ય છે.


**ટેલિફોનિક બેસણું**



અમારા પરમ પુજ્ય પિતાશ્રી

**માલસિંહભાઈ જોતીભાઈ વસૈયા (ગામ વેલપુરા, જી.ઝાલોદ, હાલ-ગાંધીનગર)**

તા.૧૨-૫-૨૧ને બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા. ૧૪-૫-૨૧ને શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાક સુધી રાખેલ છે

રણજીતસિંહ માલસિંહભાઈ વસૈયા (P.I.) (પુત્ર) મો.૯૯૦૯૯ ૬૧૭૭૬

ડો.રાજેન્દ્રસિંહ માલસિંહભાઈ વસૈયા (પુત્ર) મો.૯૯૭૯૫ ૦૭૧૭૭

સ્થળ : ૧૭, સમર્પણ પાર્ક સોસાયટી, વાવોલ-ઉવારસદ રોડ, વાવોલ

**હાર્દિક શ્રદ્ધાંજલિ**



**સ્વ. હિરેનભાઈ પ્રવિણચંદ્ર રાવલ** (ફોટોગ્રાફર)

**સ્વર્ગવાસ:** તા. ૧૨ મે, ૨૦૨૧

લાંબી નહીં પણ મોટી જિંદગી જીવી ગયા તમે
જિંદગીને જીવનનો ને અમને મિત્રતાનો અર્થ સમજાવી ગયા તમે

**કમલેશ શાહ** (ફોટોગ્રાફર)
ગ્રીન સિટી કુરિયર

**ગ્રેહામ પ્રવાસી** (ફોટોગ્રાફર)

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com